ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૨/૨૧-૨૨/ 661 તારીખ : 24 FEB 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,

**શ્રી મકવાણા બાબુલભાઈ લાલજીભાઈ,**
**પ્રાથમીક શાળા પાછળ, પ્લોટ વિસ્તાર,**
**ગીગેવ કૃપા,**
**મું.દુધાળા નં-૨,**
**તા.મહુવા,**
**જી.ભાવનગર.**

કેસ નં.૮૨/૨૧-૨૨

**મો.નં- ૬૩૫૪૯૧૦૬૩ ૧૭૩૪૪/૯૭૩૭૨૫૧૯૦૯**

**વિષય : ફોલ્ટી મીટર નું એવરેજ બિલ મોટી રકમ નું મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૦/૦૧/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૪/૦૧/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૨/૨૧-૨૨/૨૫૫ તા.૨૫/૦૧/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૨/૨૧-૨૨/૪૩૬ તા.૦૫/૦૨/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૬/૦૨/૨૦૨૨ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

બિડાણ:- ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી-૧, **મહુવા.**

P.G.V.C.L. Bhavnagar Consumer Grievance Redressal Forum

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૮૨/૨૧–૨૨</u>** ☜

વાદી :– **શ્રી મકવાણા બાબુલભાઈ લાલજીભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખ:– તા.૧૬/૦૨/૨૦૨૨</u>** ◈

હાજર રહયા :– **શ્રી મકવાણા બાબુલભાઈ લાલજીભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી** એમ.પી. ભૂત, નાયબ **ઈજનેર,** ગ્રામ્ય -૧ પેટા **વિભાગીય કચેરી, મહુવા (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી મકવાણા બાબુલભાઈ લાલજીભાઈ, મું.દુધાળા–૨, તા.મહુવા, જી.ભાવનગર ની ફોલ્ટી મીટર નું એવરેજ બિલ મોટી રકમનું મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૨/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૨/૨૧–૨૨/૨૫૫ તા.૨૫/૦૧/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૧૬/૦૨/૨૦૨૨</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી મકવાણા બાબુલભાઈ લાલજીભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફેશ્રી એમ.પી. ભૂત, નાયબ ઈજનેર, ગ્રામ્ય -૧ પેટા **વિભાગીય કચેરી, મહુવા** ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો વાદી શ્રી મકવાણા બાબુલભાઈ લાલજીભાઈ, પ્રાથમીક શાળા પાછળ, પ્લોટ વિસ્તાર, ગીગેવકૃપા, દુધાળા નં–૨, તા.મહુવા, જી.ભાવનગર પાસે રહેણાંક ધરાવીએ છીએ.

૧.૨ અમારૂં શ્રી ગીગેવ મારબલનું કારખાનું ચાલે છે, ૮ કેવીએ નું વિજ કનેકશન છે, અમોને જુલાઈ–૨૦૨૧ નું વિજબિલ આપવા મીટર રીડર આવેલ, ત્યારે, ૧૦૦૦ રીડીગ નું ફોલ્ટ એવરેજ નું બિલ આપેલ તે અમે ભરી આપેલ.

૧.૩ ત્યારબાદ, તા.૧૮/૮/૨૦૨૧ ના રોજ મીટર રીડર બિલ બનાવવા આવેલ ત્યારે, ફોલ્ટ નું ૨૧૫૦ રીડીગ નું બિલ આપેલ તે અમે ભરી આપેલ. ત્યારબાદ, સપ્ટે–૨૦૨૧ નું બિલ બનાવવા મીટરરીડર તા.૧૭/૦૯/૨૦૨૧ ના રોજ આવેલ અને ફોલ્ટ નું ૧૪૪૦ નું એવરેજ બિલ આપેલ. જે અમે ભરી આપેલ અને જે મીટર બદલવા અમોએ રૂા. ૨૩૬/– તા.૨૨/૦૯/૨૦૨૧ ના રોજ પહોંચ નં–૩૧૬૨૪૭ થી અરજી આપેલ અને તા.૦૪/૧૦/૨૦૨૧ ના રોજ મીટર બદલાવેલ.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૪ હેલ્પરે મીટરના છેલ્લા રીડીંગ જોઈને લખેલ પ્રફોર્મા નં–૧૮૫૨૭ થી મીટર ઉતારી બીજું મીટર લગાડેલ અને તે જુનું મીટર તા.૨૧/૧૦/૨૦૨૧ ના રોજ લેબમાં ટેસ્ટ કરેલ અને લેબ પ્રફોર્મા નં–૦૨૬૦ માં લેબ વાળાને રીડીંગ દેખાયેલ નહીં છતાં, મીટર ના રીડીંગ છેલ્લા ૪૦૦૪૬ લખેલ છે, અને મીટર ઓકે છે વપરાશ મુજબ રીડીંગ બતાવે છે છતાં, મીટર ફોલ્ટ લખેલ છે.

૧.૫ એમઆઈઆર રીપોર્ટ આપેલ નથી, લેબ વાળા કહે છે કે, મીટર કંપનીમાં મોકલવું પડશે, મીટર માં રીડીંગ બતાવે છે છતાં મીટર ફોલ્ટી નો રીપોર્ટ આપેલ છે. મેં ફોલ્ટી એવરેજ ના બિલ ભરેલ તે મને પરત બિલમાં જમા આપવા હુકમ કરવા વિનંતી છે.

૧.૬ અમારી વિજ કંપની મહુવા રૂરલ–૧ છે. અમારા વિજ કનેકશન ટીસી ઉપર ઝાડના વેલા પાંદડા વધવાથી અડવાથી ઈલેવન લાઈન એલટી લાઈનમાં શોર્ટ સરકીટ થાય છે વોલ્ટેજ વધઘટ થવાથી અમારા માલસામાન જેવા કે લાઈટ, પંખા, સીસીટીવી, મોટર વગેરેને નુકશાન થાય છે અને બળી જાય છે.

૧.૭ અમો, જુ.ઈ. માવાવાળાએ રૂબરૂ ફોનથી જાણ અવાર નવાર ટીસી પાસેથી વેલા પાંદડા દૂર કરાવો, મેઈન્ટેનન્સ કરાવો, એક જ જવાબ આપે છે, હેલ્પર ને હંમણા મોકલું છું, કાલે મોકલું છું., તેવા જવાબ આપેલ છે. ગ્રાહક ની ફરીયાદ સાંભળતા નથી કંપનીના કામમાં બેદરકારી ચાલે નહી અમોએ તા.૧૮/૦૯/૨૦૨૧ ના રોજ લેખિત આપેલ છે. છતાં, કામ થયેલ નથી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદાર નું નામ – શ્રી મકવાણા બાબુલભાઈ લાલજીભાઈ,
ગ્રાહક નંબર – ૩૭૦૬૭/૦૫૬૧૫૨/૨
કેટેગરી/લોડ – NRGP, 8 KW
રીલીઝ તારીખ – ૦૧/૦૯/૨૦૧૭

૨.૨ અરજદારશ્રી મકવાણા બાબુલભાઈ લાલજીભાઈ, પ્રાથમીક શાળા પાછળ, પ્લોટ વિસ્તાર, ગીગેવકૃપા, દુધાળા નં – ૨, તા.મહુવા, જી.ભાવનગર રહેણાંક ધરાવે છે.

૨.૩ વાદીશ્રી મહુવા રૂરલ–૧,પેટા વિભાગીય કચેરીમાં કનેકશન ધરાવે છે. જેનો ગ્રાહક નં–૩૭૦૬૭૦૫૬૧૫૨ છે.

૨.૪ વાદીશ્રી ને તા.૧૭/૭/૨૦૨૧ ના રોજ F નું ૧૦૦૦ યુનિટ નું રૂા.૭,૮૨૮/૪૨ નું વિજ બિલ આપેલ. જે વાદી દ્વારા તા.૨૮/૭/૨૦૨૧ ના રોજ રૂા.૭,૮૩૦/– ભરી આપેલ. ત્યારબાદ, વાદીને બીજું બિલ તા.૧૮/૮/૨૧ ના રોજ ૨૧૫૦ યુનિટ નું રૂા.૧૬,૬૭૫/– નું બિલ આપેલ. જે વાદીએ ભરેલ નહી.

૨.૫ ત્યારબાદ, વાદીશ્રી ને તા.૧૭/૦૯/૨૦૨૧ ના રોજ F નું ૧૪૪૦ યુનિટ નું રૂા.૧૧,૨૮૦/– નું વિજ બિલ આપેલ. જેમાં આગળના બાકી બિલ સહીત રૂા.૨૭,૯૫૫/– બિલ થયેલ. જે વાદી દ્વારા તા.૨૨/૯/૨૦૨૧ ના રોજ રૂા.૨૭,૯૫૬/– ભરી આપેલ.

૨.૬ ત્યારબાદ, વાદી દ્વારા સદર મીટર PG-908758 તા.૪/૧૦/૨૦૨૧ ના રોજ પ્રફોર્મા–૧૫ નં–૧૮૫૨૭ થી બદલાવેલ અને જેમાં રીડીંગ ૪૦૦૪૬ આવેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૭ સદર મીટર મહુવા લેબ માં તા.૪/૧૦/૨૦૨૧ ના રોજ ગ્રાહકની હાજરીમાં તપાસણી કરેલ અને લેબ પ્રફોર્મા નં– ૨૬૦ મુજબ મીટર ફોલ્ટી આવેલ અને રીડીંગ ૪૦૦૪૬ બતાવેલ છે.

૨.૮ આમ, લેબ પરીક્ષણમાં મીટરમાં રીડીંગ આવવાથી વાદીને આપેલ તા.૧૭/૦૯/૨૦૨૧ ના રોજ F નું ૧૪૪૦ યુનિટ નું રૂા.૧૧,૦૮૦/– નું વિજ બિલ જમા આપવાપાત્ર થાય છે. સદર બિલની એડજેસ્ટમેન્ટ પ્રપોઝલ મહુવા રૂરલ–૧ કચેરી દ્વારા તા.૧૪/૦૨/૨૦૨૨ ના રોજ અત્રેની કચેરીને મોકલેલ છે. અત્રેની કચેરી દ્વારા સદર એડજેસ્ટમેન્ટ ની એપ્રુવલ તા.૧૪/૦૨/૨૦૨૨ ના રોજ આપેલ છે અને સદર રકમ ગ્રાહકના લેઝરમાં ક્રેડીટ કરેલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ અરજદારશ્રી બાબુલભાઈ લાલજીભાઈ દ્વારા તેમના પિતાશ્રી લાલજીભાઈ છગનભાઈ મકવાણા ના ગ્રા.ન. ૩૭૦૬૭/૦૫૬૧૫/૨ મુજબના કનેક્શન માટે ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૧ વાદીની રજૂઆત અનુસાર સદર મીટર મહુવા લેબમાં તા.૦૪/૧૦/૨૦૨૧ ના રોજ વાદીની હાજરીમાં તપાસણી કરેલ અને લેબ પ્રફોર્મા નં–૨૬૦ મુજબ મીટર ફોલ્ટી આવેલ અને રીડીંગ ૪૦૦૪૬ બતાવેલ છે.

૩.૨ આમ, લેબ પરીક્ષણમાં મીટરમાં રીડીંગ આવવાથી વાદીને આપેલ તા.૧૭/૦૯/૨૦૨૧ ના રોજ F નું ૧૪૪૦ યુનિટ નું રૂા.૧૧,૦૮૦/– નું વિજ બિલ જમા આપવા પાત્ર થાય છે.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૨ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(એ.એ.જાડેજા)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કંું.લી.:ભાવનગર.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :– ૧૬/૦૨/૨૦૨૨.